આમોદ ના મહેરબાન **પ્રીન્સીપાલ** સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં

મુકામ આમોદ

રે.મુ.નંબર ૭૬/૨૦૧૫

વાદી: પ્રવીણભાઇ ઇશ્વરભાઇ ના કુલ મુખત્યાર
મીતેશકુમાર પ્રવીણભાઇ પટેલ

વીરુદધ

પ્રતીવાદી :(૧)લખીબેન તે પરસોત્તમ ઓધવભાઇની દીકરી
તેસોમાભાઇ પટેલની પત્ની
(૨)ઘનષ્યામભાઇ સોમાભાઇ પટેલ

વાદી તર્ફે વી.વ.શ્રીએમ.વી.રાણા

પ્રતિવાદી તર્ફે વી.વ.શ્રી એમ.એસ.પટેલ

આંક ૫ લગતહુકમ

વાદી ની આંક ૫ ની આરજી ની ટુંકમાં હકીકત એવી છે કેમોજે આમોદ ખાતે નીચે મુજબની

જમીનો આવેલી છે.

ખાતાનંબર	નવો બ્લોક નંબર	જુનો સર્વે નંબર	ક્ષેત્રફળ હેકટર.આરે. પ્ર..આરે	આકાર રૂ૦પૈસા	જમીનનો પ્રકાર
૧૬૮	૧૨૩	૮૪/૧	૦.૮૭.૦૧	૮.૦૦	ગણોતધારા કલમ ૪૩પ્રમાણે પ્રતીબંધીત

ઉપરોક્ત જમીનના ચર્તુદીશાના ખુંટ વર્ણન વાદી એ પોતાની અરજીમાં જણાવેલ છે અને વધુમાં વાદી એ એવુ કથન કરેલ છે કે,તે દાવાવાળી જમીન વાદીના પીતાને સને ૧૯૭૧ ની સાલમાં ગણોતધારા હેઠળ મળેલી અને વાદીના પીતા તે જમીનના માલીક અને કબ્જેદાર બનેલા.અને વાદીના પીતા ગુજરી જતા વાદીની માતા તે જમીનના માલીક બનેલા અને તેઓ સને ૧૯૯૮ ની સાલમાં ગુજરી જતા વારસાઇ હક્કે નોંધ નંબર ૬૫૭૫ થી વાદી તથા તેમની બે બહેનોની દાવાવાળી જમીનમાં વારસાઇ થયેલી અને તે રીતે વાદી તથા તેમની બે બહેનો નામે સુશીલાબેન અને સરોજબેન તે જમીનના માલિકઅને કબ્જેદાર બનેલા અને ત્યારબાદ વાદીની બે બહેનોએ નોંધ નંબર ૭૩૬૮ થી તેઓનો હીસ્સો વાદીની તરફેણમાં જતો કરેલો છે.અને તેથી વાદી દાવાવાળી જમીનના સ્વતંત્ર માલીક અને કબ્જેદાર બનેલા છે અને તે જમીનના મહેસુલ વેરા વાદી ભરે છે.અને દાવાવાળી જમીનના કબ્જેદાર વાદી છે તે હકીકત પ્રતીવાદી પણ સારી રીતે જાણે છે.

દાવાવાળી મીલકત સાથે પ્રતીવાદીયોને કોઇ લેવા દેવા નથી તેમ છતા દાવો કર્યાના બેએક માસ ઉપર પ્રતિવાદી નં.૨ વાદી પોતાના ખેતરમાં કામ કરતા હતા તે વાખતે વાદીના ખેતરમાં આવેલા અને વાદીને એવુ જણાવેલ કે,"આ ખેતર તમોએ અમોને વેચી દીધેલ છે અને અમારી પાસે

તેનુ લખાણ છે.જેથી તમો અમોને ખેતરનો કબ્જો સોંપી દો."જેથી વાદીએ એવુ જણાવેલ કે ,"અમોએ કોઇ લખાણ તમોને કરી આપેલ નથી."તેમ જણાવી પ્રતીવાદી પાસેના લખાણોની માંગણિ કરતા પ્રતીવાદીયો એ ઇન્કાર કરેલ અને જણાવેલ કે જો તમો કબ્જો સુપરત નહી કરો તો તમોને બળજબરી કરી તમારા ખેતરમાંથી હાંકી કાઢીસું.જેથી વાદીએપ્રતીવાદીને દાવાવાળી જમીનનો કબ્જો આપવાનો ઇન્કાર કરેલઅને ત્યારબાદ સબ રજીસ્ટાર કચેરી આમોદમાં તપાસ કરતા વાદીને જાણવા મળેલ કે પ્રતિવાદી એ દાવાવાળી મીલકત જે શમયે જે શમયે વાદીના નામ ઉપર હતી અને વાદીતે જમીનના કુલ મુખત્યાર હતા અને વાદી તે જમીનનો વહીવટ કરતા હતા તે વખતે એક બોગસ અને બનવટી વેચાણ નો કરાર બનાવેલ અને તેમાં વાદીની ખોટી સહી કરિ તે બોગસ અને ખોટો કરાર આમોદ સબ રજીસ્ટાર કચેરીમાં રજી.કરાવેલ.જે વેચાણ નો કરાર આમોદ સબ રજીસ્ટાર કચેરીમાં એક નંબરની બુકમાં ૫૨૭ વોલ્યુમના ૩૬ થી ૪૦ પુષ્ઠે૨૦૪/G નંબરે તા.૬/૫/૧૯૭૬ નંબરથી નોંધાયેલ છે.જે વેચાણ કરાર ની નકલ કઢાવતાવાદીને જાણવા મળેલ કે વાદી તેઓની માતાનાકુલ મુખત્યાર હતા તે શમયે વાદીની બોગસ સહી કરી ખોટો બોગસ અને બનાવટી વેચાણ કરાર બનાવેલ છે. વાદીએ કે તેઓની માતાએ આવો કોઇ વેચાણ કરાર પ્રતીવાદી ને કરી આપેલ નથી અને વાદી એકે તેઓની માતાએકોઇ પણ વખત સબ રજીસ્ટાર કચેરીમાં હાજર રહી સહી કરેલ નથી.કે દાવાવાળી મીલકત તેઓએ પ્રતિવાદીનેવેચાણ આપેલ નથી..અને વાદી એબોગસ દસ્તાવેજ અંગે પ્રતીવાદી ને પુછતા પ્રતીવાદીએ એવુ જણાવેલ કે તમો રૂ.૧૦૦૦૦૦/-આપી દેસો તો અમો તમારો કબ્જો છીનવીશું નહી .વાદીએ દાવાવાળિ જમીન પ્રતિવાદી ને વેચાણ આપેલ નથી અને વાદીના માતા ગુજરી જતાતે જમીન વાદીને વારસાઇ હકકે મળેલી છે. વાદીની માતા ગુજરી જતા વાદીઅને તેમની બે બહેનોના નામ દાવાવાળી મીલકતમાં દાખલ થયેલા જે વારસાઇ નોંધ સામે પ્રતીવાદી એ કોઇ વાંધો વીરોધ નોંધાવેલ નથી અને તાજેતરમાં વાદીની બહેનોએ વાદી ની તરફેણમાં હક છોડી દીધો તે અંગેની નોંધ સામે પણ પ્રતીવાદીયોએ કોઇ વાંધો વિરોધ નોંધાવેલ નથી.આમ

પ્રતિવાદીયો ની જાણ સંમતીમાં દાવાવાળી મીળકત વાદીની માલીકી કબ્જા ભોગવટાની છે અને વર્ષોથી વાદીનો કબ્જો ભોગવટો છે.વાદીએ કદી પણ પ્રતિવાદીયો ને કહેવાતો વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી.દાવાવાળી મીલકત પહેલાથીજ ગણોતધારાની કલમ ૪૩ પ્રમાણે ની છે.અને આજે પણ તેજ સત્તા પ્રકાર છે.જેથી દાવાવાળી મીલકત સક્ષમઅધીકારી ની પરવાનગી સીવાય વેચી સકાય નહી. પ્રતીવાદી નં.૨ બોગસ અને બનાવટી કુટ લેખનો કરવા ટેવાયેલા છે. અને તેમના વીરુધ્ધ આમોદ પોલીશ સ્ટેશનમાં બોગસ દસ્તાવેજો બનાવવા સંબંધી ફરીયાદો દાખલ થયેલ છે. અને હાલ ક્રીમીનલ કેશો પણ ચાલે છે.અને તે રીતે પ્રતીવાદી બોગસ અને બનાવટી દસ્તાવેજો બનાવવા ટેવાયેલા હોય જેથી બોગસ દસ્તાવેજ આધારે વાદીની જમીન હડપ કરી જવા પ્રયત્નો કરે છે.અને પ્રતીવાદીએ બનાવેલ દસ્તાવેજ ખોટો નીરર્થક અને રદ બાતલ છે.તેવુ જણાવેલ છે.

વધુમાં વાદીએ એવુ કથન કરેલ છે કે,તેઓનો પ્રથમ દર્શનીય કેશ છે.બેલેન્સ ઓફ કન્વીયન્સ તેઓના લાભમાં છેઅને જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં નઆવે તો તેઓને નાણાથી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે તેવુ જણાવેલ છે અને આ અરજી કરી વાદીએ એવી દાદ માંગેલ છે કે,

દાદ:

(અ)મોજે ભીમપુરાતા.આમોદની સીમમાં ખાતા નંબર ૧૬૮થી આવેલ બ્લોક સર્વે નંબર ૧૨૩ વાળી જમીનના અમો વાદીના કબ્જા ભોગવટામાં પ્રતીવાદી જાતે કે તેમના માણસો કે એજન્ટો કુલ મુખત્યાર કેઅન્ય કોઇપણ મારફતે દખલ અવરોધ અંતરાય કરે કરાવે નહિ કે કબ્જો લે લેવડાવે નહી કે અમો વાદીને અરજી વાળી જમીનમાં ખેતી કરી પાક લેતા અટકાવ કરે કરાવે નહી કે પાક ને નુકશાન થાાય તેવુ કોઇ કરત્ય કરે કરાવે નહી કે અરજી વાળી જમીન ઉપર કોઇ બોજો લોન ઉતપન્ન કરે કરાવે નહી કે દાવાવાળી મીલકત કોઇ ત્રાહીતને વેચાન બક્ષીસ ,ગીરો કે અન્ય કોઇરીતે ટ્રાન્સફર કે તબદીલકરે કરાવે નહી તેવો પ્રતીવાદીયો વીરુધ્ધ

દાવાના આખરી નીકાલ સુધી નો દરમ્યાન મનાઇ હુકમ ફરમાવસોજી.

(બ)આ અરજીનો ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

(ક)આપ નામદાર કોર્ટ ને યોગ્ય લાગે તેવી બીજી હત કોઇ દાદ અપાવશોજી.

તેવી દાદ માંગેલ છે.

વાદીએ સદર અરજી દાખલ કરતા અરજન્ટ કારણ દર્શક નોટીસ પ્રતીવાદીને કાઢવામાં આવેલ છે જે બજી જતા પ્રતીવાદી તેમના વીદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક ૧૦થી વાદી ની દાવાઅરજી અને કામચલાઉ મનાઇ હુકમની અરજીનો સંયુક્ત જવાબ આપેલ છે જેમાં પ્રતીવાદીએ વાદી ની દાવા અને મનાઇ હુકની અરજીનો મહદ અંશે ઇન્કાર કરેલ છે અને વાદીના દાવાને શમયમર્યાદાનો બાધ નડતો હોવાની તકરારો ઉથાવેલ છે.

પ્રતીવાદીએ પોતાના જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે,દાવાવાળી જમીનનો વેચાણ નો કરાર કરી આપવા કાશીબેન ઇશ્વર મહુજી ની વીધવાના કુ.મુ.પ્રવીણચન્દ્ર ઇશ્વર પટેલ પ્રતીવાદીયો પાસે સને ૧૯૭૬ માં આવેલા અને રૂ.ની માંગણી કરેલી જેથી અનુક્રમ નં.૧૬૮૩ કીમત રૂ.૫ રુ. નો સ્ટેમ્પ તા.૨૯/૪/ ૧૯૭૬ ના રોજ સ્ટેમ્પ વેન્ડર આમોદ લાયસન્સ નં.૮૭૦ હર્ષવર્ધન પાનાચંદ પાસેથી રૂ.૫ નો સ્ટેમ્પ પા.પર્વીણચંન્દ્ર નાએ પોતે ખરીદ કરી તેમાંપોતે સહી કરેલ છે.અને સ્ટેમ્પ વેન્ડર પાસે તે કરાર લેખિતમાં લખાવેલ છે.બીજો સ્ટેમ્પ અનુક્રમ નંબર ૧૬૮૨ થી ખરીદ કરેલ છે.અને સદર દાવા તથા મનાઇઅરજી વાળી જમિન પર્તીવાદીને વેચાણ કરાર કરી આપીને રૂ.૭૦૦૦/- રોકડા પ્રવીનચંન્દ્ર ઇશ્વર પટેલે પ્રતીવાદીયો પાસેથી ગણી લીધા છે.અને આમોદ સબ રજીસ્ટાર કચેરીના સાહેબ રુબરુ તથા સ્ટેમ્પ વેન્ડર હર્ષવર્ધન પાનાચંદ રુબરુ પ્રવીણ ચન્દ્ર ઇશ્વરભાઇએ વેચાણ કરારમાં સહી કરેલ છે.અને તેજ શમયે સ્ટેમ્પ વેન્ડરે કબ્જા રસીદ અલગથી લખી આપી છે અને સદર દાવા તથા મનાઇ વાળિ જમિણણૌ સ્થળ ઉપરનો પ્રતયક્ષ કબ્જો પ્રતીવાદીયો ને સોંપી કબજા રસીદમાં કાસીબેન ઇશ્વર મહુજિની વીધવાના કુ.મુ. પ્રવીણ ચન્દ્ર ઇશ્વરભાઇએ પોતે કબ્જા રસીદ લખી આપી સહી કરેલ છે. અને

આમોદ સબ રજીસ્ટાર કચેરીના અધીકારી એ સદ્તાવેજ પહોંચ નંબર ૨૩૪૮૯૪માં સહી સીક્કો કર્યો છે.તેમાં પણ પ્રવીણ ચન્દ્ર ઇશ્વરભાઇએનાએ પોતે સહી કરેલ છે.તેવુ જણાવી કાયદા ના વીવીધ પ્રોવીઝનો જણાવેલ છે પરંતુ પ્લીડીમાં કાયદો લખવાનો હોતો નથી જેથી તે કાયદાના પ્રોવીઝનોનો અત્રે ઉલ્લેખ કરેલનથી.

આ અરજી ના સમર્થનમાં વાદી તર્ફે નિચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૧)ની.૩/૧ થી વાદીએ દાવો કરવા માટેઆપેલકુલ મુખત્યાર નામા ની નકલ

(૨)ની.૩/૨ વેચાણ દસ્તાવેજ ની નકલ

(૩)ની.૩/૩ થીમુજે ભીમપુરા ના ખાતા નંબર ૧૬૮ ની ૮ /અ ની નકલ

(૪)ની.૩/૪ થી મોજે ભીમપુરા ના સર્વે નં.૧૨૩ ની નમુના નં.૭ ની નકલ

(૫)ની.૩/ ૫ થી મોજે ભીમપુરાન નાસર્વે નં.૧૨૩ની નમુનાનં.૧૨ ની નકલ

(૬)ની.૩/૬ થીનોંધ નં.૭૩૬૧ ની નકલ

(૭)ની.૩/૭ થીનોંધ નં.૭૩૬૨ ની નકલ

(૮)ની.૩/૮થી નોંધ નંબર ૭૩૬૮ ની નકલ

(૯)ની.૩/૯ થી નોંધ નં.૭૩૮૨ ની નકલ

પ્રતીવાદી તર્ફે નિચે મુજબના દશતાવેજો રજુ કરેલ છે.

(૧)ની.૧૧/૧ થી ઇન્ડેક્ષની ઝેરોક્ષ

(૨)ની.૧૧/૨ થી વેચાણ દસ્તાવેજ અને કબ્જા રસીદ ની ઝેરોક્ષ.

(૩)ની.૧૮/૧ થી વેચાણ દસ્તાવેજ

(૪)ની.૧૮/૨થી અસલ કબ્જા રસીદ

(૫)ની.૧૮/૩ થી વેચાણ દસ્તાવેજ નોંધની અંગેની ફી ભર્યા બદલની પહોંચ.

આ અરજી લગત વાદી તર્ફે વી.વ.શ્રી એમએએવી.રાણાએ દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે,વાાદી દાવાવાળી જંીનના માલીક અનેસ્વતંત્ર કબ્જેદાર છે તે જમૂન

તેઓને વારસાઇ હકકે મળેલ છે.જે દર્શાવવા રેવન્યુ નોંધો તેમજ રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે.વાદીએ પ્રતીવાદીયો ને કદી કોઇ વેચાણ દસ્તાવેજ કે બીજો કોઇ દસ્તાવેજ કરી આપેલ નથી પ્રતીવાદી કુટ લેખન કરતા ટેવાયેલા છે ભુતકાળમાં તેઓ ઉપર ઇ.પી.કો કલમ ૪૬૭ મુજબના ગુના નોંધાયેલા છે પ્રતીવાદી એ અગાઉ કલેકટરસાહેબ ની પણ ખોટી સહી કરેલી તે અંગેનો ગુનો પણ તેમના ઉપર નોંધાયેલ છે દાવાવાળી જમીન ગણોત ધારાના પ્રતીબંધ વાળી જમીન છે જેથી કલેકટર સાહેબ શ્રીની પરવાનગી વીના તેનુ વેચાણ થઇ શકે નહી કે તેવા વેચાણ દસ્તાવેજ થી કાયદેસરનો કોઇ અધીકાર ઉતપન્ન થાય નહી જો ખરેખર વેચાણ દસ્તાવેજ થયો હોય તો સને ૧૯૭૬ થી આજ દિન સુધી પ્રતીવાદી એ તેમનુ નામ દાખલ કરાવવા કેમ કોઇ કાર્યવાહી કરેલ નથી તે પણ ખુબજ મહત્વની બાબત છે વાદીની જાણમાં પ્રતીવાદીએ ખોટો દસ્તાવેજ તૈયાર કરાવેલ હોવાનુ આવતા તરતજ દાવો કરેલ છે સ્થળ ઉપર વાદી નો કબ્જો ભોગવટો છે અને રેવન્યુ રેકર્ડ સતત વાદીના નામે ચાલેલ છે વાદીની વારસાઇ ની નોંધ થઇ તે વખતે કે વાદીની બહેનોએ હક જતો કરતાતેઅંગેેની નોંધો પડી તે વખતે પણપ્રતીવાદીએકોઇ વાંધો ઉઠાવેલ નથી.મનાઇ હુકમ માટેના જરુરીત્રણે પરીબળો વાદીની તરફેણમાં છે તેવુ જણાવી વાદી ની તરફેણમાં માંગ્યા મુજબનો કામચલાઇ મનાઇ હુકમ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે પ્રતીવાદી તર્ફે આંક ૧૯ થી લેખીત દલીલો રજુ કરેલછે જેમાંએવી દલીલો કરેલછે કે ,દાવાવાળી જમીનનો વેચાણ નો કરાર કરી આપવા કાશીબેન ઇશ્વર મહુજી ની વીધવાના કુ.મુ.પ્રવીણચન્દ્ર ઇશ્વર પટેલ પ્રતીવાદીયો પાસે સને ૧૯૭૬ માં આવેલા અને રૂ.ની માંગણી કરેલી જેથી અનુક્રમ નં.૧૬૮૩ કીમત રૂ.૫ રુ. નો સ્ટેમ્પ તા.૨૯/૪/ ૧૯૭૬ ના રોજ સ્ટેમ્પ વેન્ડર આમોદ લાયસન્સ નં.૮૭૦ હર્ષવર્ધન પાનાચંદ પાસેથી રૂ.૫ નો સ્ટેમ્પ પા.પર્વીણચંન્દ્ર નાએ પોતે ખરીદ કરી તેમાંપોતે સહી કરેલ છે.અને સ્ટેમ્પ વેન્ડર પાસે તે કરાર લેખિતમાં લખાવેલ છે.બીજો સ્ટેમ્પ અનુક્રમ નંબર ૧૬૮૨ થી ખરીદ કરેલ છે.અને સદર દાવા તથા મનાઇઅરજી

વાળી જમિન પર્તીવાદીને વેચાણ કરાર કરી આપીને રૂ.૭૦૦૦/- રોકડા પ્રવીનચંન્દ્ર ઇશ્વર પટેલે પ્રતીવાદીયો પાસેથી ગણી લીધા છે.અને આમોદ સબ રજીસ્ટાર કચેરીના સાહેબ રુબરુ તથા સ્ટેમ્પ વેન્ડર હર્ષવર્ધન પાનાચંદ રુબરુ પ્રવીણ ચન્દ્ર ઇશ્વરભાઇએ વેચાણ કરારમાં સહી કરેલ છે.અને તેજ શમયે સ્ટેમ્પ વેન્ડરે કબ્જા રસીદ અલગથી લખી આપી છે અને સદર દાવા તથા મનાઇ વાળિ જમિણણૌ સ્થળ ઉપરનો પ્રતયક્ષ કબ્જો પ્રતીવાદીયો ને સોંપી કબજા રસીદમાં કાસીબેન ઇશ્વર મહુજિની વીધવાના કુ.મુ. પ્રવીણ ચન્દ્ર ઇશ્વરભાઇએ પોતે કબ્જા રસીદ લખી આપી સહી કરેલ છે. અને આમોદ સબ રજીસ્ટાર કચેરીના અધીકારી એ સદ્તાવેજ પહોંચ નંબર ૨૩૪૮૯૪માં સહી સીક્કો કર્યો છે.તેમાં પણ પ્રવીણ ચન્દ્ર ઇશ્વરભાઇએનાએ પોતે સહી કરેલ છે.

વાદીનો દાવોજ સમય મર્યાદા બહાર છે જેથી કોઇ મનાઇ હુકમ મળી શકે નહી.

અરજી જવાબ અને રજુ થયેલ પુરાવા અને બન્ને પક્ષે થયેલ દલીલો દ્યાને લેતા આ અરજી ના નીર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

મુદ્દા નં.(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેશ છે ?

મુદ્દા નં.(૨) શું બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીના લાભમાં છે ?

મુદ્દા નં.(૩) શું માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં નઆવેતો વાદિને નાણા થી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

મુદ્દા નં.(૪) આખરી શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દા અંગે ના મારા નીર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબર(૧)હકારમાં

મુદ્દા નંબર(૨)હકારમાં

મુદ્દા નંબર(૩)હકારમાં

મુદ્દા નંબર(૪)આખરી હુકમ મુજબ

નીર્ણય અંગેના કારણો;

મુદ્દા નં.૧ થી ૩

ઉપરોક્ત મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી પુનરાવર્તન ટાળવા ત્રણે મુદ્દા ની એકીસાથે ચર્ચા કરુ છું.

એતો નીર્વીવાદીત હકીકત છે કે આંક ૫ નીર્ણય ના તબક્કે કોઇપણ દસ્તાવેજ નો તલસ્પર્શી અભ્યાસ કરવાનો હોતો નથી પરંતુ વાદીનો પ્રથમ દર્શનીય કેશ છે કે કેમ ?અને બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીના લાભ માં છે કે કેમ ?અને માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાથી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે કે કેમ? તેટલા પુરતો નીર્ણય કરવા પુરતો દસ્તાવેજો નો અભ્યાસ કરવાનો રહે છે અને જ્યારે જાહેર હીત નો મુદ્દો હોય ત્યારે એક વધારાની એ બાબત દ્યાને લેવાની રહે છે કે ખાનગી હીત કરતા જાહેર હીતને પ્રાધાન્ય આપવુ જોઇયે અને તેટલા પુરતો દસ્તાવેજો નો અભ્યાસ કરવામાં આવેલ છે.

આ કામે વાદી એવી હકીકત લઇને અદાલત સમક્ષ આવેલ છે કે,દાવાવાળી જમીન તેમના પીતાને ગણોત ધારા હેઠળ મળેલી અને તેમના પીતાના મૃત્યુ પછી તે જમીન તેમની માતાને વારસાઇ હકકે મળેલી અને તેમની માતાનુ મૃત્યુ થતા તે જમીન વાદી અને તેમની બે બહેનોને વારસાઇ હકકે મળેલી અને વાદીની બહેનોએ સને ૨૦૧૩ ની સાલમાં વાદીની તરફેણમાં હક જતો કરતા વાદી તે જમીનના સ્વતંત્ર માલીક અને કબ્જેદાર બનેલા છે અને પ્રતીવાદીને તેઓએ કદી પણ કોઇ દસ્તાવેજ કરી આપેલ નથી પરંતુ પ્રતીવાદીએ વાદીની ખોટી સહી કરી ખોટો વેચાણ દસ્તાવેજ બનાવેલ છે અને તે અંગેની જાણ વાદીને વેચાણ દસ્તાવેજ ની નકલ કઢાવતા થયેલ છે અને તરતજ તઓએ હાલનોદાવો કરેલ હોવાનુ જણાવેલ છે.

પ્રતીવાદી નો બચાવ જોતા તેઓએ કાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ કરાવેલ હોવાનુ અને તે વેચાણ દસ્તાવેજ સને ૧૯૭૬ ની સાલમાં નોંધાયેલ હોવાનુ જણાવેલ છે અને જુદી કબ્જાપાવતી થી કબ્જો સોંપાય ગયેલ હોવાનુ જણાવેલ છે અને સને ૧૯૭૬ ની સાલનો દસ્તાવેજ હોય જેથી દાવાને શમય મર્યાદાનો બાધ હોવાનુ જણાવેલ છે.

આ કામે ની.3/3 થી રજુ થયેલ ગામ નમુના નંબર ૮ ની નકલ તથા નીએ3/૪ થી રજુ થયેલ નમુના નંબર ૭ તથા ની.3/૫ થી રજુ થયેલ નમુના નંબર ૧૨ ની નકલ જોતા સ્પષ્ટ પણે વાદી દાવાવાળી જમીનના માલીક અને કબ્જેદાર હોય તેવુ જણાય છે. ની.3/૬ થી ની.3/૯ સુધી રજુ થયેલ નોંધો જોતા વાદી ની વારસાઇ ની નોંધો રજુ થયેલ છે અને વાદી ની બહેનોએ વાદી ની તરફેણમાં હક જતો કરેલ હોય અને તે હક સને ૧૯૧૩ માં જતો કરેલ હોય તેવુ જણાય છે તે કોઇજ નોંધો સામે પ્રતીવાદીએ કોઇ વાંધા આપેલ હોય તેવુ જણાતુ નથી હવે પ્રતીવાદીએ જે ની.૧૧/૨ અને ની.૧૮/૧ થી જે દસ્તાવેજ રજુ થયેલ છે તે જોતા તે વેચાણ દસ્તાવેજ નથી પરંતુ વેચાણ માટેનો કરાર હોય તેવુ જણાય છે અને તેમાં સ્પષ્ટપણે કબજા વગરનો કરાર હોવાનો ઉલ્લેખ કરેલ છે હવે પ્રતીવાદી તર્ફે ની.૧૧/૨ થિ જે કબ્જારસીદ રજુ કરેલ છે તે જોતા તેમાં કબ્જો સોંપેલાનો ઉલ્લેખ કરેલ છે પરંતુ પ્રતીવાદી એ જે રજી.બાનાખત રજુ કરેલ છે તેમાં સ્પષ્ટ પણે કબ્જા સીવાય નો કરાર હોવાનો ઉલ્લેખ છે ત્યારે તેના કરતા વીરુધ્ધની હકીકત જણાવતો અનરજીસ્ટર દસ્તાવેજ માની શકાય નહી એટલુજ નહી મહત્વની હકીકત જોઇયે તો દાવાવાળી જમીન એ ગણોત ધારાની કલમ ૪3 થી પ્રતીબંધીત સત્તા પ્રકારની જમીન છે અને તેથી કલેકટર ની પુર્વ પરવાનગી સીવાય તે જમીનનુ વેચાણ થઇ શકે તેમ નથી જેથૌી જો માની લઇયેર કે પર્તીવાદી ના કહેવા મુજબનો વ્યવહાર થયેલ છે તો પણ તે ગેર કાયદેસરનો વ્યવહાર ગણાય જેથી તેનુ કાયદેસર કોઇ મુલ્ય રહેતુ નથી અને તે સંજોગોમાં પ્રતીવાદી ના દસ્તાવેજો નુ કોઇ કાયદેસર રીતે મુલ્ય રહેતુ નથી અને તે સંજોગોમાં રેવન્યુ રેકર્ડ જોતા સ્પષ્ટ પણે વાદી દાવાવાળી જમીનના માલીક અને કબ્જેદર હોય તેવુ જણાય છે.

હવે જ્યાં સુધી વીલંબની બાબતને લાગે વળગે છે ત્યાં સુધી લીમીટેસન એકટના આર્ટીકલ ૫૬મુજબ દસ્તાવેજ રદ કરવા માટેના દાવાની શમય મર્યાદ ત્રણ વર્ષની છે પરંતુ તે શમય મર્યાદા વાદીની જાણમાં જ્યારથી દસ્તાવેજ આવે ત્યારથી ગણવાની છે નહી કે દસ્તાવેજની તારીખ થી અને તે રીતે જોતા વાદીને દસ્તાવેજ ની તારીખથી તે દસ્તાવેજ ની જાણ હતી તેવુ કાંઇ પ્રતીવાદી

રેકર્ડ ઉપર લાવેલ નથી અને તે સંજોગોમાં વાદીના દાવાને શમય મર્યાદાનો બાધ હોય તેવુ હાલના તબક્કે જણાતુ નથી .અને તે સંજોગોમાં વાદી તર્ફે રજુ થયેલ રેવન્યુ રેકર્ડ જોતા વાદી દાવાવાળી જમીનના માલીક અને કબ્જેદાર હોય તેવુ જણાય છે અને તેથી વાદીનો પ્રથમ દર્શનીય કેશ હોય તેવુ જણાય છે અને તેથી મુદ્દા નંબર ૧ નો જવાબ હું હકારમાં આપુ છું અને વાદી જ્યારે માલીક છે ત્યારે જો પ્રતીવાદી તેઓના કબ્જા ભોવટામાં અવરોધ કરે તો તેથી વાદીની રોજી રોટી ના પ્રશ્નો ઉપસ્થીત થાય તેવુ જણાય છે જેથી મનાઇ હુકમ નઆપવાથી વાદીને હાડમારી વાદીને વેઠવી પડે તેવુ જણાય અને તેવુ થાય તો તનો બદલો વાદીને નાણાથી ભરપાઇ થઇ શકે નહી જેથી મુદ્દા નંબર ૨ અને ૩ નો જવાબ હું હંકારમાં આપુ છું અને મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું .

હુકમ

વાદીની આંક ૫ ની કામચલાઉ મનાઇ હુકમની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના વાદીના દાવાવાળી જમીનના કબજા ભોગવટામાં પ્રતીવાદીયોએ વાદીને કોઇપણ રીતે અવરોધ કરવો કરાવવો નહી કે તે જમીન પ્રતીવાદીયોએ બીજા કોઇને પણ કોઇપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવી કરાવવી નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમ દાવાના આખરી નીકાલ સુધીનો વાદીની લાભમાં અને પ્રતીવાદીની તરફેણમાં ફરમાવુ છું.

ખર્ચ દાવાના પરીણામને અનુશરસે.

હુકમ આજરોજ તા.૨૩/૯/૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૩/૯/૨૦૧૫

અરફાત એ.વાયડા

પ્રીન્સીપાલ સીવીલ જજ

આમોદ

કોડ નં.જીજે૦૦૯૮૬